# ત્રણ તલાક઼નો

## શરઈ હુકમ

:: અઝ ::

મુહક્કિક઼ે અસ્ર

**મુફ્તી નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર)**

:: અનુવાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફ઼ા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

**અંજુમને રઝાએ મુસ્તફ઼ા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**

પ્રકાશન નં. : ૨૧૦ આવૃત્તિ–૨ પ્રત : ૪૦૦૦

૨૫–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૩૬ નવેમ્બર–૨૦૧૪

**નૂરાની આર્ટ–દયાદરા**

ઈસ્લામી શરીઅતમાં ત્રણ તલાક઼ કોઈ એકી સાથે આપે કે અલગ અલગ રીતે પણ ત્રણ તલાક઼ આપવાથી તેની પત્ની તે પતિના નિકાહથી નીકળી જશે. જો કે એક ઝટકે ત્રણ તલાક઼ આપવી નાજાઈઝ તથા ગુનોહ છે, પણ છતાં ત્રણ તલાક઼ એક સાથે આપવાથી ત્રણ જ લાગુ થશે, હવે પત્ની હલાલા વિના ફરી તે પતિ સાથે રહી શક્શે નહીં. જેમ કે કોઈક નિર્દોષનું ખૂન કરવું હરામ તથા ગુનોહ છે, પણ તેમ છતાં કોઈ ચપ્પુ, તલ્વાર કે બંદૂક વગેરે વડે કોઈને મારી નાખે તો તે માણસ તેના પરિણામે મૃત્યુ પામવાનો છે એ જ પ્રમાણે તલાક઼નું છે. આજકાલ કહેવાતા અહલે હદીષ–ગૈરમુક઼લ્લિદ વહાબી **ત્રણને એક** કહે છે! તેમજ કેટલાંક સંગઠનો ચાહે કહેવાતુ "મુસ્લિમ પર્સનલ લો બોર્ડ" હોય અથવા અન્ય કોઈ મુસ્લિમ નામી સંસ્થા હોય, ચાહે કોઈ ગવર્નમેન્ટ તરફથી પણ ત્રણને એક ગણવા ક઼ાનૂન બનાવી નાખે પણ શરીઅતનો હુકમ કદાપિ બદલાવાનો નથી. એની સમજ પામવા ધ્યાનપૂર્વક આ લેખ જરૂરથી વાંચશો!

–અનુવાદક

શું ફર્માવે છે ઉલમાએ દીન નીચેના મસાઈલમાં કે :–

**૧.** મુસ્લિમ પતિ પોતાની પત્નીને એક જ મજલિસમાં ત્રણ વાર તલાક઼ આપી દે તો શું ત્રણ તલાક઼ો લાગુ પડશે કે એક જ લાગુ થશે ?

**૨.** એક જ મજલિસમાં બોલીને ત્રણ તલાક઼ો આપવી શું કુર્આને મુક઼દ્દસના પાયાના ઉસૂલો (નિયમો)ના પ્રમાણે છે ?

લખનૌ હાઈકોર્ટબેન્ચમાં આ મસ્અલો સુનાવણી હેઠળ છે જેથી દલીલયુક્ય જવાબથી નવાઝશો.

*પ્રશ્નકર્તા :* ***એડવોકેટ ઝફરયાબ જીલાની – લખનૌ***

*મારફત :* ***સૈયદુલ અશ્રફ*** *ઉસ્તાઝે દારૂલ ઉલૂમ મુહમ્મદિયહ – મુંબઈ (રજબ હિ. સ. ૧૪૧૪, ડિસેમ્બર, ૧૯૯૩)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

## ★ પ્રથમ સવાલનો જવાબ ★

મુસલમાન પતિએ પોતાની પત્નીને એક મજલિસ (બેઠક)માં ત્રણ તલાક઼ો આપી દીધી તો તેની પત્ની પર ત્રણેવ તલાક઼ો લાગુ પડી જશે. ચાહે પતિએ ત્રણ વારમાં ત્રણ તલાક઼ો આપી હોય, દા.ત. આ પ્રમાણે કહ્યું, ''મેં તને તલાક઼ આપી, તલાક઼ આપી, તલાક઼ આપી !''

અથવા એક જ વારમાં ત્રણ તલાક઼ો આપી હોય, દા.ત. કહ્યું, '' મેં તને ત્રણ તલાક઼ો આપી !''

આ બાબતમાં હુઝૂર સૈયદે આલમ જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺનો એક જ ફૈસલો છે (ઉપર દર્શાવ્યું તેવો) એના પર આપના સર્વ સહાબીઓનો ઈજમાઅ (એકમતિ) છે. એ જ તાબઈન હઝરાતનો મઝહબ છે અને એ જ ચારેવ મશહૂર ઈમામો : ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ ઈબ્ને હંબલ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَનો મસ્લક છે અને મુસલમાનોનો સવાદે આ'ઝમ (મોટી જમાઅત) એના પર અમલ કરી રહેલ છે.

## ★ કુર્આની દલીલો ★

કુર્આને હક઼ીમ (સૂરએ બક઼રહ, પાર–૨, આયત, ૨૨૯)માં છે :–

اَلطَّلَاقُ مَرَّ تٰنِ فَاِمۡسَاكٌۢ بِمَعۡرُوۡفٍ اَوۡ تَسۡرِيۡحٌۢ بِاِحۡسَانٍ

''તલાક઼ બે વાર સુધી છે, પછી ભલાઈની સાથે રોકી લેવું છે, અથવા ભલાઈની સાથે છોડી આપવું.''

એના પછી આયત ૨૩૦માં ફર્માવવામાં આવ્યું :–

فَاِنۡ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنۡۢ بَعۡدُ حَتّٰى تَنۡكِحَ زَوۡجًا غَيۡرَهٗ

''પછી જો પતિએ તેને (ત્રીજી) તલાક઼ આપી દીધી તો હવે ઔરત તેના માટે હલાલ થશે નહીં, ત્યાં સુધી કે બીજા પતિની પાસે રહે.''

આ આયતોમાં ત્રણેવ તલાક઼ોનો હુકમ વર્ણન કરવામાં આવ્યો છે કે :–

★ એક અને બે તલાક઼ સુધી પતિને રજઅતનો (પાછી લેવાનો) ઈખ્તિયાર છે કે ચાહે તો પત્નીને પાછી બોલાવી લે અથવા ચાહે તો છોડી આપે

★ ત્રીજી તલાક઼ના પછી રજઅત (પરત લેવાનો) અધિકાર રહેશે નહીં, અને પત્ની ''હલાલા'' વિના એના માટે હલાલ થશે નહીં :–

ત્રણેવ તલાક઼નો હુકમ વર્ણન કરી દેવામાં આવ્યો, પરંતુ કોઈપણ તલાક઼ની સાથે એ શર્ત નથી વર્ણવવામાં આવી કે તે અલગ મજલિસમાં હોય, બલ્કે આ હુકમને મુત્લક઼ (બિન શર્તી રીતે) કોઈ શર્ત કૈ઼દ વિના રાખવામાં આવ્યો. અને ક઼ાયદો એ છે

કે મુત્લક઼ પોતાના ઈત્લાક઼ પર લાગુ થાય છે, જેથી કુર્આને હકીમમાં  દરેક તલાક઼નો જે હુકમ વર્ણન કરવામાં આવ્યો છે તે ગમે તેમ પણ લાગુ થશે, ચાહે પતિએ એક જ મજલિસમાં બીજી કે ત્રીજી તલાક઼ આપી હોય અથવા અલગ અલગ મજલિસમાં. હા ! જો કુર્આને પાકમાં એવું હોત કે فَاِنْ طَلَّقَهَا فِیْ مَجْلِسٍ اٰخَرَ "જો ત્રીજી તલાક઼ અલગ મજલિસમાં આપી દે" તો મજલિસની શર્ત ધ્યાન કરવાને પાત્ર હોત. પરંતુ કુર્આને હકીમમાં આવું ક્યાંય નથી, એટલા માટે આ શર્ત કુર્આન પર જબરદસ્તી (ઝિયાદતી) છે.

તદ્ ઉપરાંત અરબી ભાષાનો ક઼ાયદો છે કે فــاء "ફ઼ા" તઅક઼ીબ મઅલફૂરના માટે છે, એટલે જે ચીજ પર فــاء દાખલ થાય છે તે ચીજ فــاءના અગાઉ વર્ણન થયેલ વાક્યના પછી તરત જ હોય છે. જેમ કે કોઈકે કહ્યું : جَاءَنِی زَیدٌ فعمرو "આવ્યો ઝૈદ પછી અમ્ર." તો એનો મતલબ એ થયો કે અમ્ર, ઝયદના પછી તરત જ આવ્યો અને જો આવવામાં કાંઈક મોડુ થયેલ હોય તો અરબ "ફ઼ા"ની જગાએ "ષુમ્મ" લાવે છે. કુર્આને હકીમમાં ત્રીજી તલાક઼નું વર્ણન "ષુમ્મ"ના શબ્દથી નથી, બલ્કે "ફ઼ા" શબ્દની સાથે છે તો એનો સ્પષ્ટ મતલબ એ થયો કે બે તલાક઼ પછી જો તે જ મજલિસમાં "તરત" જ વિના વિલંબે ત્રીજી તલાક઼ આપી દીધી તો એ તલાક઼ પણ લાગુ પડી જશે, કે "તુરત"નો શબ્દ ત્યારે લાગુ થશે જ્યારે કે મજલિસ એક હોય. કિક઼હના ઉસૂલ (નિયમો)ની મશહૂર કિતાબ મનાર તથા નૂરુલ અન્વારમાં છે :–

وَالفـاء للـوصل والتعقيب، أى لكون المعطوف
موصو لاً بالمعطوف عليه متعقبا لهٗ بلا مهلة فيتراخى
المعطوف عن المعطوف عليه بزمان، وان قلّ ذٰلك
الـزمـان بـحيـث لا يـدرك اذلـو يـكن الزمان فاصلاً
أصلاً كان مقار ناً تستعمل فيه كلمة مع

''فـــاء (ફા) શબ્દ તઅક઼ીબ મઅલ વસ્લના માટે છે, એટલે કે એવું દર્શાવવાના માટે છે કે મઅતૂફ. મઅતૂફ ઈલૈહના પછી છે. અને સાથોસાથ વિના મોહલતે એની સાથે જોડાયેલ પણ છે. જેથી મઅતૂફનો જમાનો મઅતૂફ ઈલહૈના પછી થશે, ભલે એ સમય એટલો કમ હોય કે તેનો એહસાસ ન થઈ શકે, કેમ કે જો સમયનું તદ્દન જ અંતર ન હોય તો મક઼ારિન થશે અને મક઼ારિનત બતાવવા માટે ''મઅ઼''નો શબ્દો વાપરવામાં આવશે.''

ગૈર મુક઼લ્લિદોની નજીક પણ (અક્ષર) ''ફા''નો એ જ અર્થ છે. જેથી તેમના ઈમામ મુજતહિદ મુલ્લા નઝીર હુસૈન દહેલ્વીએ પોતાની કિતાબ મેઅ઼્યારુલ હક઼્ક઼ના છેવટમાં જમઅ બયનસ્સલાતૈનની બહષમાં આ પ્રમાણે લખ્યું છે : ''ફા તરતીબ બેમોહલતના માટે છે.''

આ કુર્આને હકીમનો એઅ્જાઝ છે કે કિતાબ તથા સુન્નતનું નામ લઈને જે ફિત્નો કયામતની નજીક ઉઠાવવામાં આવનાર હતો એના પ્રતિકાર (રોક)ની વ્યવસ્થા એણે પોતાના ઉચ્ચ વર્ણનશૈલીના બયાનના ક્રમ (ગોઠવણ) વડે નુઝૂલના સમયે જ ફર્માવી આપી.

(૨) સિહાહ સિત્તહની મશહૂર કિતાબ 'સુનને ઈબ્ને માજહ શરીફ'માં એક પ્રકરણ છે :–

بَابُ مَنْ طَلَّقَ ثَلٰثًا فِیْ مَجْلِسٍ وَّاحِدٍ

"એક મજલિસમાં ત્રણ તલાક઼ોનું વર્ણન."

પછી એના હેઠળ આ હદીષ નક઼લ કરી છે : હઝરત આમિર શઅબી رضی اللہ عنہએ ફાતિમા બિન્તે ક઼ૈસને કહ્યું, તમો મને તમારી તલાક઼નો બનાવ બતાવો. તો તેમણે કહ્યું :–

طَلَّقَنِیْ زَوْجِیْ ثَلٰثًا، وَهُوَ خَارِجٌ اِلَی الْيَمَنِ فَأَجَازَ ذٰلِكَ رَسُوْلُ اللّٰهِ صلی اللّٰه تعالی علیه وسلم۔

"મારા પતિએ યમનના માટે (ઘરેથી) નીકળતી વખતે મને ત્રણ તલાક઼ આપી દીધી, તો અલ્લાહના રસૂલ ﷺએ ત્રણેવ તલાક઼ો લાગુ કરી આપી" *(સુનને ઈબ્ને માજહ, પેજ,૧૪૭)*

"યમન જતી વખતે ત્રણ તલાક઼ો આપવા" વિશેના શબ્દથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે ફાતિમા બિન્તે ક઼ૈસના પતિએ એક જ મજલિસમાં ત્રણેવ તલાક઼ો આપી હતી. એનું સમર્થન એ જ હદીષની બીજી રિવાયતથી થાય છે. જેને હદીષની મુસ્તનદ કિતાબ 'દારકુત્ની'માં આ શબ્દોમાં નક઼લ કરવામાં આવી છે :–

انّ حفص بن المغيرة طلّق امرأتهٔ فاطمة بنت قيس علیٰ عهد رسول اللّٰه صلی اللّٰه علیه وسلم ثلٰث تطليقات فی كلمة واحدة فأبانها منه النبی صلی اللّٰه علیه وسلم۔

"હફ્સ બિન મુગીરાએ પોતાની પત્ની ફાતિમા બિન્તે ક઼ૈસને રસૂલુલ્લાહ ﷺના જમાનામાં એક જ વાક્ય વડે ત્રણ તલાક઼ો આપી હતી. તો નબી કરીમ ﷺએ બંનેવને એકબીજાથી અલગ કરી આપ્યાં." *(દાર કુત્ની, ૨/૪૩૦)*

હદીષે પાકની બંનેવ રિવાયતોથી સાબિત થાય છે કે એક મજલિસમાં અને એક જ વાક્યમાં ત્રણ તલાક઼ો આપી દીધી, તો નબી કરીમ ﷺએ લાગુ કરી આપી. એ જ કારણે મુહદ્દિષ ઈબ્ને માજહએ આ હદીષને "એક મજલિસમાં ત્રણ તલાક઼"ના ટાઈટલ હેઠળ નક઼લ કરી છે.

(૩) મશહૂર સહાબીએ રસૂલ હઝરત ઓબાદા બિન સામત رضی اللہ عنہનું બયાન છે કે તેમના પોતાએ પોતાની પત્નીને (ઓબાદાનાં વાલિદાને) એક હજાર તલાક઼ો આપી દીધી. તેમણે રસૂલુલ્લાહ ﷺને એનો મસ્અલો પૂછયો તો આપે ફર્માવ્યું :

بانت بثلاث معصية الله تعالٰى وبقى تسع مائة وسبع وتسعون علوانًا وظلماً

"ત્રણ તલાક઼ોથી સ્ત્રી નિકાહથી નીકળી ગઈ, પણ પતિ અલ્લાહનો નાફર્માન અને ગુનેહગાર થયો, અને બાક઼ીની નવસો સત્તાણુ (૯૯૭) તલાક઼ો એ જુલ્મ તથા સરકશી છે." *(મુસન્નફે અબ્દુર્રઝ઼ઝાક઼, પેજ–૩૯૩, ભાગ–૬, દારક઼ુત્ની, ભાગ–૨, પેજ–૪૩૩)*

જાહેર છે કે આ હજાર તલાક઼ો હજાર (અલગ અલગ) મજલિસોમાં નથી આપવામાં આવી, બલ્કે ગુસ્સાના કારણે એ જ મજલિસમાં સર્વ તલાક઼ો (એક સાથે) આપવામાં આવી, ચાહે એક વાક્ય વડે અથવા સતત કેટલાયે વાક્યોમાં. સર્વ જાણે છે કે જ્યારે પતિઓને તલાક઼નો જોશ આવે છે તો તે એક સાથે જ ઘણી બધી તલાક઼ો આપી બેસે છે.

(૪) હઝ઼ત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે તેમણે પોતાની પત્નીને હૈઝ઼ (માસિક સ્ત્રાવ)ની હાલતમાં તલાક઼ આપી દીધી, તો એના કારણે રસૂલુલ્લાહ ﷺ ગઝ઼બનાક

થઈ ગયા અને તેમણે રજઅત (પરત કરવા)નો હુકમ આપ્યો, તો તેમણે પૂછયું :–

يارسولَ اللّٰه أرَأيت لو طلقتها ثلاثا ؟ قال : اذا قد عصيت ربك، وبانت منك امرأتك

''યા રસૂલલ્લાહ ! ﷺ જો મેં તેણીને ત્રણ તલાક઼ો આપી દીધી હોત તો શું હુકમ થાત ?! આપે ફર્માવ્યું, તમે ખુદાના નાફર્માન હોતા અને તમારી પત્ની તમારા નિકાહથી નીકળી જાત.'' *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, દારકુત્ની)*

આ હદીષે પાકથી બે વાતો જાણવા મળી : એક એ કે **હૈઝની હાલતમાં તલાક઼ આપવી ગુનોહ** છે, એટલા માટે રસૂલુલ્લાહ ﷺ ગઝબનાક થઈ ગયા હતા. એ જ પ્રમાણે **ત્રણ તલાક઼ એક સાથે આપવી ગુનોહ છે.**

બીજી વાત એ છે કે હૈઝની હાલતમાં પણ જો કોઈ એક સાથે ત્રણ તલાક઼ આપી દે તો ત્રણેવ તલાક઼ો પડી જશે અને પત્ની નિકાહથી નીકળી જશે. કેમ કે હઝરત ઈબ્ને ઉમરે જે સવાલ પૂછયો હતો એનો મતલબ એ જ છે કે એક તલાક઼ પર તો રજઅત (પરત ખેંચવાનો) હુકમ છે, પણ જો મેં એકને બદલે ત્રણ તલાક઼ આપી દીધી તો શું હુકમ હોત ? શું આ સ્થિતિમાં પણ રજઅતનો (તલાક઼) પાછી લેવાનો અધિકાર રહેતો ? એનાથી સાફ જાહેર છે કે એમનો સવાલ એક સાથે ત્રણ તલાક઼ના બારામાં હતો અને તે પણ એવી હાલતમાં કે જ્યારે સ્ત્રી હૈઝની સ્થિતિમાં હોય.

વિચાર કરો ! અહીં બે રીતે ખુદા પાકની નાફર્માની અમલમાં આવી રહી છે. એક તો હૈઝની હાલતમાં તલાક઼

આપવાની, બીજી : એક સાથે ત્રણ તલાક઼ો આપવાની.

છતાં પણ રસૂલે ﷺએ સ્પષ્ટ ઉઘાડા શબ્દોમાં એ હુકમ સંભળાવ્યો કે તલાક઼ પડી જશે, પત્ની નિકાહથી નીકળી જશે. તો જો કોઈ એમ જ નાફ઼ર્માનીમાં પડે કે પાકીની હાલતમાં એક સાથે ત્રણ તલાક઼ો આપી દે તો આ સ્થિતિમાં એનાથી અધિક કક્ષાએ ત્રણેવ તલાક઼ો લાગુ પડી જશે.

(૫) :–

**عن نافع بن عجير بن عبد يزيدبن ركانة، أنّ ركانة بن عبدبزيد طلّق امرأتهٗ سُهَيمةَ البتة فأخبر النبيَّ صلى اللّٰه عليه وسلم بذٰلك، وقال : واللّٰه ماأردت الاّ واحدة، فقال رسول اللّٰه صلى اللّٰه عليه وسلم : واللّٰـه ماأردت الاّ واحدة ؟ فقال ركنة : واللّٰه ماأردت الاّ واحدة، فردّها اليه رسول اللّٰه صلى اللّٰه عليه وسلم**

નાફેઅ બિન અજીર બિન અબ્દે યઝીદ બિન રુકાના રિવાયત કરે છે કે હઝરત રુકાનાએ પોતાની પત્ની સહીમાને "તલાક઼ે બત્તા" આપી દીધી. પછી તેમણે નબી કરીમ ﷺને બનાવની ખબર આપી અને અર્ઝ કરી કે ખુદાની ક઼સમ ! મેં કેવળ એક તલાક઼ની નિય્યત કરી હતી. રસૂલુલ્લાહ ﷺએ પૂછયું, ખુદાની ક઼સમ ! તેં એક જ તલાક઼ની નિય્યત કરી હતી ?! તો રુકાનાએ અર્ઝ કરી કે ખુદાની ક઼સમ ! મેં કેવળ એક જ તલાક઼ની નિય્યત કરી હતી. તો રસૂલુલ્લાહ ﷺએ તેમની પત્ની તેમને પરત કરી દીધી. *(સુનને અબૂ દાઊદ, ભાગ–૦૧, પેજ–૩૦૦, ઈબ્ને માજહ, પેજ–૧૪૯)*

આ રિવાયત છે હઝરત રુકાનાના એક પૌત્ર હઝરત નાફેઅ બિન અજીરની. અને તેમના જ બીજા પૌત્ર અબ્દુલ્લાહ બિન અલીએ પણ આ બનાવ એ જ પ્રમાણે વર્ણવ્યો છે. અલ્બત્ત તેમની રિવાયતમાં સરકાર ﷺના જવાબના શબ્દો આ પ્રમાણે નક઼લ થયેલા છે : هُوَ عَلٰى مَا أَرَدْتَّ ''તલાક઼ તે જ પડી જેથી તેં નિય્યત કરી હતી. *(સુનને અબૂ દાઊદ, ૧/૩૦૦)*

''બત્તહ''નો શબ્દ મસ્દર છે અને મસ્દર છે અને મસ્દર ફર્દે હક઼ીક઼ીની પણ સંભાવના ધરાવે છે અને ફર્દે હુકમીની પણ. તલાક઼નો ફર્દે હક઼ીક઼ી એક છે અને ફર્દે હુકમી ત્રણ. જેથી ''તલાક઼ે બત્તહ''ના શબ્દોમાં ''એક'' તથા ''ત્રણ'' બંનેવ અફરાદની સંભાવના છે. હવે કોઈ પણ એક સંભાવના નિશ્ચિત થશે ''વર્ણનની નિય્યત'' વડે. એટલા માટે હઝરત રુકાનાએ પોતે જ પોતાની નિય્યત જણાવી આપી કે, ''મેં એક તલાક઼ મુરાદ લીધી છે.'' પણ એક તલાક઼ મુરાદ લેવામાં કેમ કે આક્ષેપ (તોહમત)ની શંકા રહે છે કે પત્નીને બચાવવા માટે સંભાવનાનો ફાયદો ઉઠાવ્યો. એટલા માટે તેમણે ક઼સમ પણ ખાય લીધી કે આક્ષેપની શંકાની સ્થિતિમાં બયાનની નિય્યતનો ભરોસો ક઼સમની સાથે જ થાય છે. અને તેને અધિક ખાત્રીના માટે રસૂલુલ્લાહ ﷺએ તેમની પાસે બીજીવાર ક઼સમ લીધી. એનાથી સાફ જાહેર છે કે જો હઝરત રુકાનાએ ''તલાક઼ે બત્તહ''થી ત્રણ તલાક઼ મુરાદ લીધી હોત તો એમની પત્ની પર ત્રણ ''મુગલ્લઝા'' તલાક઼ો લાગુ થાત. **જો ત્રણ તલાક઼ પડવાની સંભાવના ન હોત તો હઝરત રુકાના ન ક઼સમ ખાતા અને ન તો રસૂલુલ્લાહ ﷺ ક઼સમ લેતા, અને ક઼સમ ખાવું બંનેવ બેકાર ગણાત.** પરંતુ જ્યારે રસૂલુલ્લાહ ﷺએ ક઼સમ લીધી અને હઝરત

રુકાનાએ ક઼સમ ખાધી, જેથી એનાથી સાબિત થયું કે જો તેમની નિય્યત ત્રણ તલાક઼ની હોત તો ભલે તેમણે તે શબ્દ એક મજલિસમાં અને એક જ વારમાં કહ્યો હતો, તેમ છતાં સરકાર ﷺનો ફૈસલો એ જ હોત કે : **هو على ما اَردتَّ** "તલાક઼ તે જ પડી જેની તેં નિય્યત કરી" એટલે ત્રણ તલાક઼ !

(૬) હઝરત મુજાહિદ ફર્માવે છે કે હું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની ખિદમતમાં હાજર હતો. એક શખ્સ તેમની પાસે આવ્યો અને અર્ઝ કરી, **انّہٗ طلّق امرأتہٗ ثلاثًا** "તેણે પોતાની પત્નીને ત્રણ તલાક઼ આપી દીધી છે. તો ઈબ્ને અબ્બાસ ખામોશ રહ્યા, ત્યાં સુધી કે મને એવું ગુમાન થવા લાગ્યું કે આપ એને રજઅતનો (પરત લેવાનો) હુકમ આપશે. થોડીવાર પછી ફર્માવ્યું, તમારામાં એક માણસ મૂર્ખાઈ કરી બેસે છે, પછી કહે છે, હે ઈબ્ને અબ્બાસ ! હે ઈબ્ને અબ્બાસ ! જ્યારે કે અલ્લાહ તઆલાએ ફર્માવી આપ્યું છે :– **وَمَنْ يَتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجاً** "જે અલ્લાહથી ડરે છે તેના માટે અલ્લાહ (ગુંજાઈશ)નો માર્ગ કાઢી આપે છે." અને તમે તો અલ્લાહથી ડર્યા નહીં ! જેથી તમારા માટે કોઈ ગુંજાઈશનો માર્ગ નથી જોતો. **عَصَيْتَ رَبَّكَ وَبَانَتْ مِنْكَ اِمْرَأَتُكَ** **"તેં તારા રબની નાફર્માની કરી અને તારી પત્ની તારા નિકાહથી નીકળી ગઈ !"** *(સુનને અબૂ દાઊદ, ૧/૨૭૭, બાબ : باب بقية نسخ المرا المرا جعة بعد التطليقات الثلاث)*

હઝરત મુજાહિદના ઉપરાંત હઝરત સઈદ બિન જુબૈર, હઝરત અતા, હઝરત માલિક બિન હારિષ, હઝરત અમ્ર બિન દીનાર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَએ પણ હઝરત ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَનો આ જ ફત્વો વર્ણવ્યો છે. જેમ કે અબૂ

દાઊદ શરીફમાં છે :–

**قال ابو اؤد : روىٰ هذا الحديث حميد الأعرج وغيرهٗ عن مجاهدو عن سعيد بن جبير وعن عطاء وعن مالك بن الحارث و عن عمروبن دينار عن ابن عباس، كلهم قالوا فى الطلاق الثلاث أنه أجازها، قال : وبانت منك**

''અબૂદાઊદ કહે છે : આ હદીષને હમીદ, અઅ્રજ વગેરેએ મુજાહિદ, સઈદ બિન જુબૈર, અ્તા, માલિક ઈબ્ને હારિષ તથા અમ્ર બિન દીનારથી રિવાયત કરી છે કે આ સર્વ હઝરાત બયાન કરે છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ પ્રશ્ન કરનારાની ત્રણેવ તલાક઼ોને લાગુ કરી આપી, અને ફર્માવ્યું કે તારી પત્ની નિકાહથી નીકળી ગઈ'' *(સુનને અબૂ દાઊદ, ૧/૨૯૯)*

(૭) એ જ પ્રકારના એક અન્ય બનાવના બારામાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ હુકમ બહાર પાડયો. જેમ કે હદીષની મુસ્તનદ કિતાબ મુઅત્તા ઈમામ માલિકમાં છે કે એક શખ્સે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને કહ્યું :–

**اِنِّىْ طلّقتُ امر أتى مائةَ تطليقة فماذا ترىٰ علىّ ؟**

''મેં મારી પત્નીને સો તલાક઼ો આપી દીધી છે, તો આપ મને શું ફર્માવો છો ? એના જવાબમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું :–

**طلّقتْ منك بثلاث، وسبعٌ وتسعون اتّخذت بها اٰياتِ الله هُزُواً، رواه فى المؤطا۔**

**''તારી પત્ની પર ત્રણ તલાક઼ો પડી ગઈ અને**

**સત્તાણુ તલાક઼ો આપીને તેં અલ્લાહની આયતોની સાથે ઠઠ્ઠો કર્યો છે !"** *(મિશ્કાતુલ મસાબીહ બહવાલા મુઅત્તા માલિક, પેજ, ૨૮૪,* باب المطلقة ثلاثاً*)*

(૮) હઝરત મુહમ્મદ બિન અયાસથી રિવાયત છે કે :–

**انّ ابن عباس وأبا هريرة وعباد الله بن عمرو بن العاص سُئِلُوا عن البكر يطلّقها زوجها ثلاثا ؟ فكلهم قالوا: لا تحل لهٗ حتىّٰ تنكح زوجاً غيرهٗ۔**

"હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અબૂ હુરૈરહ તથા હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને સવાલ કરવામાં આવ્યો કે **"દોશીઝા"ને તેનો પતિ ત્રણ ત્રણ તલાકો આપી દે તો** એનો શો હુકમ છે ? તો એ સૌ હઝરાતે ફર્માવ્યું કે **તે સ્ત્રી પોતાના પતિ માટે હલાલ ન રહી ત્યાં સુધી કે હલાલો ન થઈ જાય.** *(સુનને અબૂ દાઊદ, ૧/૨૯૯, તહાવી શરીફ, ૨/૩૩, મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼, ૬/૩૩૩)*

**"દોશીઝા"થી મુરાદ તે સ્ત્રી છે જેની સાથે તેના પતિએ હજી સંભોગ ન કર્યો હોય અને ન ખલ્વતમાં (એકાંત) મળ્યો હોય.** એને ફિક઼્હની બોલીમાં "ગૈરમદખૂલા" કહે છે. "ગૈર મદખૂલા"ના બારામાં સૌની એકમતિ છે કે જો તેનો પતિ અલગ અલગ બેઠકોમાં તેને ત્રણ તલાક઼ આપે તો તેણી પર કેવળ એક જ તલાક઼ પડશે, કેમ કે તે સ્ત્રીનો નિકાહનો રિશ્તો પતિ સાથે ખૂબ મજબૂત નથી હોતો, એટલા માટે **એક જ તલાક઼થી તેણી નિકાહથી નીકળી જાય છે અને બાક઼ીની તલાક઼ી બેકારની હોય છે.** બલ્કે જો એક જ

મજલિસમાં પતિ તેણીને તલાક઼ આપે પણ ત્રણ ત્રણ વારમાં આપે તો પણ સર્વ સંમતિએ એક જ તલાક઼ પડશે. કારણ એ જ છે કે જે આગળ વર્ણવ્યું. ગૈર મદખૂલા પર ત્રણ તલાક઼ પડવાની કેવળ એક જ સ્થિતિ છે અને તે એ કે :–

★ પતિ તેને એક જ મજલિસમાં તલાક઼ આપે, અને

★ એક જ વાર એક જ વાક્યમાં ત્રણ તલાક઼ આપે, દા.ત. આવું કહે કે મેં તમને ત્રણ તલાક઼ આપી.

એટલા માટે ગૈર મદખૂલાના બારામાં હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અબૂ હુરૈરહ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَનો ઉપર વર્ણવ્યો તે ફત્વો એ બાબતનો ક઼તઈ તથા યક઼ીની સબૂત છે કે **એક મજલિસમાં તથા એક વાક્યમાં આપેલી ત્રણ તલાક઼ો ત્રણ લાગુ થાય છે.**

આ હદીષની બીજી રિવાયત મોઅત્તા ઈમામ માલિકમાં છે : **એનાથી આ બાબત ધોળા દિવસની જેમ રોશન થઈને સાબિત થઈ જાય છે.** હવે એ રિવાયત પણ જોઈ લો.

મુહમ્મદ બિન અયાસ બિન બુકેરથી રિવાયત છે કે એક શખ્સે પોતાની પત્નીની સાથે ''દખૂલ''થી પહેલાં તેણીને ત્રણ તલાક઼ો આપી દીધી. પછી તેમનો ખયાલ તે સ્ત્રી સાથે નિકાહનો થયો તો તે ફત્વો પૂછવા આવ્યા. હું પણ તેમની સાથે ગયો. તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ અને હઝરત અબૂ હુરૈરહ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَને એના બારામાં પૂછયું, તો બંનેવ હઝરાતે ફર્માવ્યું :–

**لا نریٰ أن تنكحها حتّٰی تنکح زوجاً غیره، قال:**

**فانما کان طلاقی ایاها واحدة ؟ فقال ابن عباس :**

**انَّك ارسلت من یدك ماكان لك من فضل**

"એ સ્ત્રી સાથે તારો નિકાહ હલાલ નથી ત્યાં સુધી કે તે બીજા શખ્સ પાસે રહે. (એટલે કે હલાલો કરે) તે શખ્સે કહ્યું કે મેં તો તેણીને કેવળ એક જ વાર તલાક઼ આપી છે ! તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે તારા માટે જે અધિક (બે વાર તલાક઼ આપવાનો) અધિકાર હતો. તેને પણ તેં તારા હાથથી ગુમાવી આપ્યો. *(ફત્હુલ ક઼દીર, પેજ–૩/૪૬૯,૪૭૦, બ હવાલા મોઅત્તા ઈમામ માલિક વ સુનને અબૂ દાઊદ)*

એટલે કે એક વારમાં જ્યારે તેં ત્રણેવ તલાક઼ો આપી દીધી તો તારે હવે અધિક તલાક઼ો આપવાનો અધિકાર ન રહ્યો, કેમ કે પતિ ત્રણ જ તલાક઼ોનો માલિક હોય છે.

આ હદીષે પાકથી ખૂબ જ ઉઘાડી રીતે એ વાત સાબિત થઈ ગઈ કે **એક મજલિસ અને એક વાક્યમાં આપેલી ત્રણ તલાક઼ો ત્રણ પડે છે.**

(૯) હઝરત અક઼લમહ ફર્માવે છે કે એક શખ્સ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ની સેવામાં હાજર થયો અને અર્ઝ કરી :–

**اِنِّیْ طلّقتُ امرأتی تسعاً وتسعین فقال لهٗ ابن**

**مسعود، ثلاثٌ تبینها وسائر هنّ عدوان**

"મેં મારી પત્નીને નવ્વાણુ (૯૯) તલાક઼ો આપી છે. તો હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, **ત્રણ તલાક઼ોથી તેણી તારા નિકાહથી નીકળી ગઈ અને બાકીની તલાક઼ો તારી**

**સરકશી (નાફર્માની) છે.**

(૧૦) હબીબ બિન ષાબિત કહે છે કે એક શખ્સ હઝરત અલી બિન અબૂ તાલિબ رضی اللہ عنہની ખિદમતમાં આવ્યો અને અર્ઝ કરી :–

**اِنِّی طلّقتُ امرأتی الفاً، فقال لهٗ علیٌّ : بانت منك**

**بثلاث واقسم سائرهن علیٰ نسائك**

''મેં મારી પત્નીને એક હજાર તલાક઼ આપી દીધી છે. તો હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, **ત્રણ તલાક઼ોથી તો તારી પત્ની તારાથી અલગ થઈ ગઈ** અને બાકીની તલાક઼ો તમારી અન્ય બીવીઓમાં વહેંચી દો !'' *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼, નક઼લહૂ ફિલ ફત્હુલ ક઼દીર)*

(૧૧) એક શખ્સે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہને અર્ઝ કરી :–

**اِنِّیُ طلّقتُ امرأتی ثمانی تطلیقاتٍ فقال : ما قیل**

**لك ؟ فقال : قیل لی : ”بانت منك“ قال :**

**صدقوا، هو مثل مایقولون۔**

''મેં મારી પત્નીને આઠ તલાક઼ો આપી દીધી છે તો હઝરત ઈબ્ને મસ્ઊદે પૂછયું, તમને એનો શું હુકમ બતાવવામાં આવ્યો ? પ્રશ્ન કરનારે કહ્યું, મને એવું જણાવવામાં આવ્યું કે, તારી પત્ની તારાથી અલગ થઈ ગઈ. તો હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું, સહાબાએ સાચુ બતાવ્યું, હુકમ એ જ છે જે એઓ બતાવી રહ્યા છે. *(મોઅત્તા ઈમામ માલિક)*

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہના સમર્થનથી જાહેર એ જ થાય છે કે એ હુકમ પર સહાબાએ કિરામનો ઈજમાઅ (સર્વસંમતિ) હતો.

આ અને આ પ્રકારનાં બધાં આધારે સહાબા (સહાબીઓનાં કથનો) નક઼લ કર્યા પછી ઈમામ ઈબ્ને હુમામ કમાલુદ્દીન હનીફ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"એક મજલિસની **ત્રણ તલાક઼ોના ત્રણ હોવા પર સહાબાએ કિરામનો ઈજમાઅ જાહેર છે.** કેમ કે જે વખતે ખલીફાએ રાશિદ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ત્રણેવ તલાક઼ો લાગુ પાડી હતી, તો ક્યાંય નક઼લ થયેલ નથી કે એ વખતે કોઈ પણ સહાબીએ રસૂલે આપનો વિરોધ કર્યો હોય.

તદ્ ઉપરાંત ઈજમાઅના નક઼લ કરવામાં કેવળ એ નક઼લનો એતબાર (ભરોસો) છે જે મુજતહિદો થકી નક઼લ થયેલ હોય, અને એક લાખ સહાબીઓમાં ફક઼ીહોની સંખ્યા વીસથી વધુ નથી, જેમ કે ખુલફાએ અબાદિલા ઝહદ બિન ષાબિત, મઆઝ બિન જબલ, અનસ, અબૂ હુરૈરહ અને કેટલાક સહાબીઓ. (رِضْوَانُ اللهِ تَعَالىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَ) બાક઼ીના સહાબીઓ તેમના તરફ રજૂઅ કરીને મસાઈલ પૂછી લીધા કરતા હતા. અને અમે મોટાભાગે મુજતહિદીન સહાબીઓ થકી આ સ્પષ્ટ નક઼લ પેશ કરી આપી કે એક મજલિસમાંની ત્રણ તલાક઼ો ત્રણ જ હોય છે. અને આ પ્રકરણમાં એમનો કોઈ વિરોધી જાહેર ન થયો, તો હક્ક઼ પછી શું રહ્યું ગુમરાહી સિવાય ?! એના કારણે અમારો મઝહબ એ છે કે **જો કોઈ હાકિમે (સત્તધારીએ) એક મજલિસની ત્રણ તલાક઼ોને એક તલાક઼ થવાનો ફૈંસલો**

**કર્યો તો તે લાગુ થશે નહીં, કેમ કે એમાં ઈજતેહાદ જાઈઝ નથી.** *(ફત્હુલ કદીર, ૩/૪૭૦)*

ઈમામ હુજ્જતુલ ઈસ્લામ જસાસ રાઝી હક્ફી رحمۃ اللہ علیہ કિતાબ તથા સુન્નત તથા આષારે સહાબાથી દલીલ રજૂ કર્યા બાદ ફર્માવે છે :–

**فالکتب والسنة و أجماع السلف توجب أيقاع**

**الثلاث معاًو أن كانت معصية۔۔۔اه۔**

લખાણનો સાર એ કે **કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલ તથા સહાબાના ઈજમાઅથી સાબિત થાય છે કે એક સાથે આપવામાં આવેલી ત્રણેવ તલાકો અનિવાર્યપણે એક સાથે લાગુ થાય છે, ભલે એ ગુનોહ છે.** *(અહકામુલ કુર્આન, ૧/૩૮૮)* તહાવી શરીફમાં છે :–

**لمَّا كان فِعلُ أصحابِ رسول الله صلى الله تعالٰى**

**عليه وسلم جميعاً فعلاً يجب به الحجةُ كان**

**كذٰلك ايضاً أجماعهم على القول أجماعاً يجب**

**به الحجةُ**

"જ્યારે તમામ અસ્હાબે રસૂલ ﷺનો ફેઅલ વાજિબુલ હુજ્જત છે તો એ જ પ્રમાણે ઉમર ફારૂક رضی اللہ عنہના કૌલ પર તેમનો ઈજમાઅ વાજિબુલ હુજ્જત થશે. *(પેજ–૪૧૯, ૪૨૦, ભાગ–૨, બૈરૂત–લેબનાન)* તહતાવી અદુર્રુલ મુખ્તારમાં છે :–

**مَن أنكر وقوع الثلاث فقد خالف الإجماع ولو**

**حكم حاكم بأَنّ الثلٰث تقع واحدة لم ينفذ**

**حكمهٗ لأنَّهٗ لا يسوغُ الإ فيه جتهاد۔**

**"જેણે એક મજલિસની ત્રણ તલાક઼ને ત્રણ હોવાનો ઈન્કાર કર્યો તેણે ઈજમાઅનો વિરોધ કર્યો. જેથી જો કોઈ હાકિમ ત્રણ તલાક઼ોને એક હોવાનો ફૈંસલો બહાર પાડી દે તો તેનો ફૈંસલો લાગુ થશે નહીં, કેમ કે ઈજમાઈ મસ્અલામાં ઈજતેહાદને અવકાશ નથી હોતો.**

ઈજમાઅનો વિરોધ જાઈઝ નથી. એની દલીલ કુર્આને કરીમની આ આયતે કરીમાં છે :–

وَمَنۡ يُّشَاقِقِ الرَّسُوۡلَ مِنۢ بَعۡدِ مَا تَبَيَّنَ لَهُ الۡهُدٰى
وَيَتَّبِعۡ غَيۡرَ سَبِيۡلِ الۡمُؤۡمِنِيۡنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَنُصۡلِهٖ
جَهَنَّمَ وَسَآئَتۡ مصيراً

"અને જે રસૂલની વિરૂધ્ધ કરે ત્યાર પછી કે હક્ક઼ રસ્તો તેના સમક્ષ ખુલી ચૂક્યો, અને મુસલમાનોના માર્ગથી જુદા માર્ગેચાલે, અમે તેને તેના હાલ પર છોડી આપીશું, અને તેને દોઝખમાં દાખલ કરીશું, અને કેટલી બુરી જગા પલટવાની છે !" *(નિસાઅ, પારા–૪, આયત, ૧૧૫)*

આ આયત એ વાતની દલીલ છે કે **ઈજમાઅ હુજ્જત (દલીલ) છે, એની મુખાલફ્ત (વિરોધ) જાઈઝ નથી.** (મદારિક શરીફ) અને એનાથી એ પણ સાબિત થયું કે મુસલમાનોનો માર્ગ જ સિરાતે મુસ્તક઼ીમ છે.

## ★ શંકાઓનું નિવારણ ★

કિતાબ તથા સુન્નત અને સહાબીઓના ઈજમાઅની વિરૂધ્ધ બે રિવાયતોથી એ શંકા થાય છે કે એક મજલિસની ત્રણ તલાક઼ો ત્રણ થશે નહીં. બલ્કે તેનાથી કેવળ એક જ તલાક઼ લાગુ થશે. તે રિવાયતો આ પ્રમાણે છે :–

(૧) ઈબ્ને જુરૈજ કહે છે કે મને અબૂ રાફેઅના પુત્રોમાંથી અમુકે ખબર આપી કે ઈ઼કરમાએ બતાવ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું :–

طلّق أبور كانة أمّ ركانة.....ثم قال : راجع امر

أتك أُمّركانة، فقال: أِنِّىْ طلّقتُها ثلاثاً يا رسو اللّٰه،

قال : قد علمتُ راجعها۔

''અબૂ રુકાનાએ ઉમ્મે રુકાનાને તલાક઼ આપી......... રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારાં પત્ની ઉમ્મે રુકાનાને પલટ લઈ લો. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ મેં તો તેણીને ત્રણ તલાક઼ આપી દીધી છે. આપે ફર્માવ્યું, મને ખબર છે ! (નિકાહ કરીને) પરત કરી લો. *(સુનને અબૂ દાઊદ, ૧/૨૯૮)*

(૨) હઝરત તાઉસ રિવાયત કરે છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہના જમાનામાં, તેમજ હઝરત ઉમર رضی اللہ عنہની ખિલાફતના બે વરસો સુધી ત્રણ તલાક઼ એક ગણવામાં આવતી હતી. તો હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ ફર્માવ્યું, જે વાતમાં લોકો માટે ઢીલ હતી એમાં એમણે ઉતાવળ કરી નાખી. અમે એને એમના પર લાગુ કરી દઈશું. પછી આપે એને એમના પર લાગુ કરી આપ્યું. *(મુસ્લિમ શરીફ, ૧/૪૭૭,૪૭૮)*

આ હદીષોથી માલૂમ થાય છે કે હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہના જમાનામાં ત્રણ તલાક઼ોને ત્રણ ઠરાવવામાં આવી, એનાથી પહેલાં ત્રણ તલાક઼ોને એક જ તલાક઼ માનવામાં આવતી હતી.

પણ આ ઈસ્તેદલાલ (દલીલો)ની હેસિયત એક કમજોર શંકાથી અધિક નથી. એની કાંઈક સ્પષ્ટતા આ પ્રમાણે છે :–

**(અ)** પ્રથમ હદીષ 'ઝઈફ' તથા 'મુન્કર' છે એના રાવી 'મજહૂલ' લોકો છે :–

**أما الرواية التى رواها المخالفون أنّ ركانة طلّق ثلاثاً**

**فجعلها واحدة فرواية ضعيفة عن قوم مجهو لين۔**

એ રિવાયત કે, "રુકાનાએ ત્રણ તલાક઼ આપી હતી અને રસૂલુલ્લાહ ﷺએ એને એક તલાક઼ ઠરાવી દીધી," ઝઈફ રિવાયત છે, જેના રાવી મજહૂલ લોકો છે.

સહીહ મુસ્લિમની શરહ (૧/૪૭૮)માં ઈમામ અબૂ ઝકરિયા નવવી શાફઈ رحمۃ اللہ علیہએ આ પ્રમાણે ખુલાસો આપ્યો છે :–

**(બ)** તલાક઼નો મામલો સામાન્યત : ઘરમાં ઉપસ્થિત થાય છે એટલા માટે ઘરવાળાઓને બનાવની સાચી જાણ હોય છે અને ઘરવાળાંઓની રિવાયત આ પ્રમાણે છે કે રુકાનાએ "તલાક઼ે બત્તહ" આપી હતી, અને ખુદ રુકાનાએ હુઝૂર ﷺના દરબારમાં ક઼સમ ખાયને એ સ્વીકાર કર્યો હતો કે તેમની નિય્યત એક તલાક઼ની હતી. પરંતુ એનાથી વિરૂધ્ધ ત્રણ તલાક઼ની રિવાયત ઘરવાળાઓના સિવાય અન્ય લોકોની છે. તો તલાક઼ના મામલામાં ઘરવાળાઓની રિવાયતની વિરૂધ્ધ અન્ય લોકોની રિવાયત મક઼બૂલ (સ્વીકાર્ય) થશે નહીં. જેમ કે મુહદ્દિષે જલીલુશ્શાન હઝરત મૌલાના અબૂ દાઊદ رحمۃ اللہ علیہ નાફેઅ ઈબ્ને અજીર તથા અબ્દુલ્લાહ ઈબ્ને અલી رضی اللہ عنہماની "તલાક઼ે બત્તહ"વાળી રિવાયતોને નક઼લ કરીને ફર્માવે છે :–

قال أبـو داؤد : وهٰذا أصحّ من حديث ابن بن جريج أنّ ركـانة طلّق امرأتهٔ ثلاثاً لأنهم أهل بيته وهم أعلم به وحديث ابن جريج رواه عن بعض بنی أبی رافع۔

"અબૂ દાઊદ કહે છે કે આ હદીષ ઈબ્ને જરીહની આ રિવાયતથી કે "રુકાનાએ પોતાની પત્નીને ત્રણ તલાક઼ આપી હતી" સહીહ છે, એટલા માટે કે 'તલાક઼ે બત્તહ'ના રાવી રુકાનાના ઘરવાળાં છે, અને ઘરવાળાઓને બનાવનો સહીહ ઈલ્મ વધારે હોય છે. અને ઈબ્ને જરીહની રિવાયત તો અબૂ રાફેઅના અમુક પુત્રોએ કરી છે. (જેઓ રુકાનાના ઘરવાળાંમાંથી નથી)

આ જ મુહદ્દિષ અબૂ દાઊદ એક અન્ય સ્થળે ઈબ્ને જરીહવાળી રિવાયત નક઼લ કર્યા બાદ ફર્માવે છે :–

قال أبوداؤد : وحديثُ نافع بن عجير و عبد للّٰه بن علی بـن يـزيد بن ركانة عن أبيه عن جده أنّ ركانة طلّق امر أتهٔ فـردّهـا أليه البنی صلی اللّٰه عليه وسلم أصحّ، لأنهم ولـد الـرجـل وأهـلهٔ أعلم به أنّ ركانة أنما طلّق امر أتهٔ البتة فجعلها البنی صلی اللّٰه تعالیٰ عليه وسلم واحدة۔

"અબૂ દાઊદે કહ્યું કે નાફેઅ બિન અજીર અને અબ્દુલ્લાહ ઈબ્ને અલીની આ રિવાયત કે રુકાનાએ પોતાની પત્નીને "તલાક઼ે બત્તહ" આપી હતી અને નબી ﷺએ તેણીને રુકાનાને પરત કરી આપ્યાં હતાં, એ સહીહ છે. એટલા માટે કે એ લોકો રુકાનાની ઔલાદ છે. અને બીવી બચ્ચાંને એ વાતનો સારી રીતે ઈલ્મ હતો કે રુકાનાએ પોતાની પત્નીને કેવળ "તલાક઼ે બત્તહ" આપી છે. એટલા માટે નબી કરીમ ﷺએ (રુકાના પાસે ક઼સમ

લઈને) તેને એક તલાક઼ ઠરાવી. *(સુનને અબૂ દાઉદ, ૧/૨૯૯)*

ઈમામ અબૂ ઝકરિયા નવવી, શરહે મુસ્લિમ શરીફમાં લખ્યા બાદ કે ત્રણ તલાક઼વાળી રિવાયતના રાવી 'મજહલ' લોકો છે, અને એ રિવાયત ઝઈફ છે. સ્પષ્ટતા કરે છે કે : **وإّ نما الصحيح منها ما قدّمناه أنّهٗ طلّقها البتة۔** સહીહ રિવાયત તો કેવળ તે રિવાયત છે જે અમે પ્રથમ નક઼લ કરી ચૂક્યા કે રુકાનાએ "તલાક઼ે બત્તહ" આપી હતી. *(૧/૪૭૮)*

એક અન્ય મુહદ્દિષ ઈમામ ઈબ્ને હજર શાફઈ رحمۃاللہعلیہ ફર્માવે છે :–

**إنّ أباداؤد رجّح أنّ ركانة إ نـما طلّق امر أتهٗ البتة كما**
**أجر جهٗ هـو من طريق اٰل بيتِ ركانة وهو تعليلٌ قوىٌ**
**الـجـواز أن يـكـون بـعـض رواتـهٖ حـمـل "البتة" عـلـى**
**الثلاث، قـفـال : طـلّـقهـا ثـلاثـا فبهٰذه النكتة يقف الاء**
**ستدلال بحديث ابن عباس۔**

"મુહદ્દિષ અબૂ દાઊદે આ રિવાયતને અગ્રતા આપી છે કે રૂકાનાએ પોતાની પત્નીને કેવળ "તલાક઼ે બત્તહ" આપી હતી. કેમ કે આ હદીષના રાવી બીવી બચ્ચાં (ઘરવાળાં) છે અને એ મજબૂત દલીલ છે. અને ઈબ્ને જરીહવાળી રિવાયતમાં એ શક્ય છે કે અમુક રાવીઓએ શબ્દ "અલ્લાહ"ને ત્રણ તલાક઼ પર મહબૂબ કરીને (ધારીને) આ રિવાયત કરી આપી હોય કે તેમણે ત્રણ તલાક઼ો આપી હતી. તો આ પોઈન્ટના કારણે ઈબ્ને અબ્બાસની આ રિવાયતથી દલીલ કરવું અવિશ્વાસનીય થશે. *(ફત્હુલ બારી શરહે સહીહ બુખારી, ૯/૩૬૩, દારૂલ ફિક્ર)*

મતલબ એ છે કે શબ્દ ''અલ્‌બત્તહ'' એક તલાક઼ની પણ સંભાવના ધરાવે છે અને ત્રણની પણ. જેમ કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું, તો કોઈ રાવીએ એની બીજી સંભાવનાને સામે રાખીને 'અલ્‌બત્તહ''ની જગાએ ''ષલાષન્'' એટલે ''ત્રણ'' રિવાયત કરી આપી. રુકાનાએ શબ્દ ''ષલાષા''થી તલાક઼ આપી ન હતી, બલ્કે શબ્દ 'અલ્‌બત્તહ'થી આપી હતી.

(ક) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના હવાલાથી મજહૂલ રાવીઓએ જે હદીષ રિવાયત કરી છે કે રુકાનાએ ત્રણ તલાક઼ આપી અને રસૂલુલ્લાહ ﷺ એ તેને એક ઠરાવી આપી. આ હદીષ એટલા માટે પણ અમલને અપાત્ર તથા દલીલને અપાત્ર છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ફત્વો એનાથી વિરૂધ્ધ છે જેમાંથી ચાર ફત્વા અમે પાછલાં પૃષ્ઠોમાં નકલ કર્યા છે. સહાબાએ કિરામમાંથી કોઈ પણ સહાબીથી એ અશક્ય છે કે તે રસૂલુલ્લાહ ﷺ ની હદીષ રિવાયત કરે પછી એના બાદ તેના વિરૂધ્ધ ફત્વો બહાર પાડે. એટલા માટે ઉલમા ફર્માવે છે કે જો કોઈ સહાબી હદીષે રસૂલની રિવાયત બાદ એનાથી વિરૂધ્ધ અમલ કરે અથવા ફત્વો આપે તો તે એ વાતની દલીલ છે કે તે હદીષ ક્યાં તો બાદમાં મન્સૂખ થઈ હશે અથવા કોઈકની ઘડેલી છે, એટલા માટે અમલને પાત્ર નથી, જેમ કે નૂરુલ અન્વારમાં છે :–

والمروى عنه اذا عمل بخلافهٖ بعد الرواية مماهو خلاف
بيقين سقط العمل بهٖ لأنه اِمّا خالفهٗ للوقوف علىٰ نسخهٖ
أو موضوعيتهٖ فقد سقط الا حتجاج بهٖ...اه

''હદીષનો રાવી રિવાયત કર્યા પછી જ્યારે એની વિરૂધ્ધ

અમલ કરે અને એ અમલ  હદીષ ની વિરૂધ્ધ હોવાનું યક઼ીની હોય તો એ હદીષથી અમલ સાક઼િત થઈ (હુકમ ઉઠી) જશે. એટલા માટે કે રાવીએ એ હદીષના મન્સૂખ હોવા પર માહિતગાર થઈને તેની વિરૂધ્ધતા કરી છે, અથવા એ હદીષ ઘડેલી છે જેથી એના પર અમલનો હુકમ ઉઠી (સાક઼િત) જશે. *(નૂરુલ અન્વાર, પેજ–૧૯૪,૧૯૫)*

સારાંશ એ કે ત્રણ તલાક઼ને એક ઠરાવનારી હદીષ ત્રણ ત્રણ રીતે અમલને અપાત્ર છે અને દલીલને લાયક નથી :–

**૧.** એટલા માટે કે એ હદીષ ઝઈફ તથા મુન્કર છે, એટલા માટે કે રાવી  મજહૂલ હઝરાત છે.

**૨.** એટલા માટે કે આ હદીષ હઝરત રુકાનાનાં ઘરવાળાંઓની રિવાયતની વિરૂધ્ધ છે.

**૩.** એટલા માટે કે હદીષના રાવી ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ફત્વો એની વિરૂધ્ધ છે.

બીજી હદીષ જેને હઝરત તાઉસે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ અને હઝરત અબૂબક્ર સિદ્દિક઼ رضی اللہ عنہ ના દૌરમાં અને હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિલાફતના પ્રારંભના બે વરસોમાં ત્રણ તલાક઼ એક માનવામાં આવતી હતી, એ વાત પણ બે કારણે દલીલને અપાત્ર છે :

(૧) આ હદીષ મુત્લક઼ છે, જેના ઉમૂમ (સમાન્યપણા)માં મદખૂલા, ગૈર મદખૂલા, એક મજલિસ તથા વિવિધ મજલિસો સર્વ સામેલ છે. જેથી હદીષનો જાહેરી ફાયદો એ છે કે પતિ, મદખૂલાને ત્રણ તલાક઼ આપે અથવા ગૈર મદખૂલાને, એક સાથે એક જ વાક્યમાં ત્રણ તલાક઼ આપે અથવા કેટલીયે વારમાં અને

કેટલાયે વાક્યોમાં આપે, એક જ મજલિસમાં ત્રણ તલાક઼ આપે કે અલગ અલગ કેટલીયે મજલિસોમાં, ગમે તેમ પણ ત્રણ તલાક઼ એક જ માનવામાં આવશે. જ્યારે કે આ ક઼ુર્આન, યક઼ીનન ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ છે અને **ઉમ્મતનો ઈજમાઅ ગુમરાહી પર નથી હોઈ શક્તો.** એટલા માટે આ હદીષ પોતાના ઉમૂમ તથા ઈત્લાક઼ (લાગુ થવા)ના લેહાઝથી દલીલને પાત્ર નથી.

(૨) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના ફત્વા આ હદીષની પણ વિરૂધ્ધ છે જેથી આ હૈસિયતથી પણ આ હદીષ પોતાના ઉમૂમની સાથે દલીલને પાત્ર રહી નથી.

આ બંનેવ કારણે રજૂ કરેલી હદીષથી એ દલીલ નથી થઈ શક્તી કે એક મજલિસની ત્રણ તલાક઼ો એક જ હોય છે, કેમ કે આ હદીષના ઉમૂમમાં જેમ કે એક મજલિસ દાખલ છે એ જ પ્રમાણે ત્રણ મજલિસો પણ તો દાખલ છે. સાથોસાથ ત્રણ તહર (પાકીના પીરિયડ) પણ તો સામેલ છે. તો પછી એ પણ દલીલ કરી શકાય છે કે ત્રણ મજલિસમાં અને ત્રણ તહરમાં અને ત્રણ વાક્યમાં આપવામાં આવેલી ત્રણ તલાક઼ો પણ એક જ તલાક઼ ગણાશે ! **જ્યારે કે એને માનનારો કોઈ પણ નથી.** જેથી જાણવા મળ્યું કે આ હદીષ તાવીલ થયેલી છે એટલા માટે ઉમ્મતના ઉલમાએ એની કેટલીયે તાવીલો (અર્થઘટનો) કરેલ છે.

એમાંની એક તાવીલ એ છે કે આ હદીષ ખાસ ગૈર મદખૂલાના સંબંધે છે. રિસાલતકાળમાં અને સિદ્દિક઼ી યુગમાં તથા ફારૂક઼ી ખિલાફ઼તના પ્રારંભિક બે વરસો સુધી ગૈર મદખૂલાને જ્યારે કોઈ તલાક઼ આપતું તો અલગ અલગ એક એક તલાક઼

આપતુ. એટલા માટે બાદની (એક પછીની) બે તલાક઼ બેકાર થઈ જતી અને કેવળ પહેલીવાળી તલાક઼નો એતબાર થતો. પરંતું બાદમાં હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہના યુગમાં લોકો એક સાથે એને ત્રણ તલાક઼ આપવા લાગ્યા એટલા માટે હવે ત્રણેવ તલાક઼ોનો એતબાર જરૂરી હતો. એ જ પૂરી મુસ્લિમ ઉમ્મતનો મૌક઼ફ પણ છે. આ તાવીલનું સમર્થન અબૂ દાઊદ શરીફની આ હદીષથી થાય છે :–

عن طاؤس أنّ رجلًا يقال لهٗ أبو الصهباء كان كثير السؤال لا بن عباس، قال : أما عملتَ أنّ الرجل كان اِذا طلّق امر أتهٗ ثلاثاً قبل أن يدخل بها جعلوها واحدة علىٰ عهد رسول اللّٰه صلى الله عليه وسلم وأبي بكر وصدراً من امارة عمر ؟ قال ابن عباس بلىٰ۔۔كان الرجل اذا طلّق امرأته ثلاثاً قبل أن يدخل بها جعلو ها واحدة علىٰ عهد رسول الله صلى الله عليه وسلم وأبي بكر وصدراً من امارة عمر، فلمّا رأى الناس قد تتابعوا فيها، قال: أجيز وهنّ عليهم۔

''હઝરત તાઊસ કહે છે કે અબૂ સહાબા નામના એક શખ્સ હઝરત ઈબ્ને અબ્બાસથી મોટાભાગે સવાલ પૂછતા રહેતા હતા. તેમણે અર્ઝ કરી કે શું આપને ખબર છે કે પતિ પોતાની ગૈર મદખૂલા પત્નીને ત્રણ તલાક઼ આપી દેતો તો તેને રસૂલુલ્લાહ ﷺના, અબૂબક્ર સિદ્દિક઼ رضی اللہ عنہના જમાનામાં અને ઉમર ફારૂક઼ની ખિલાફતના પ્રારંભિક દૌરમાં એક તલાક઼ ઠરાવવામાં આવતી હતી ? હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, કેમ

નહીં ? પતિ જ્યારે પોતાની પત્નીની સાથે દખૂલ (એકાંત કે સંભોગ)થી પહેલાં તલાક઼ આપી દેતો તો રિસાલતકાળ તથા સિદ્દિક઼ી યુગમાં અને હઝરત ઉમર ફારૂક઼ની ખિલાફતના પ્રારંભિક યુગમાં તેને એક તલાક઼ માનવામાં આવતી હતી. પછી જ્યારે હઝરત ઉમરે એ અનુભવ્યું કે લોકો એક સાથે ત્રણ તલાક઼ આપવા માંડયા છે તો આપે ફર્માવ્યું કે ત્રણેવ તલાક઼ો એમના પર લાગુ થશે. *(સુનને અબૂ દાઊદ, ૧/૨૯૯)*

મુસ્લિમ શરીફની હદીષ જે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત થયેલી છે એના શબ્દો **قد استجعلوا فى أمرٍ كانت لهم أناة**નો ફાયદો પણ એ જ છે કે અલગ અલગ ત્રણ તલાક઼ોમાં ઢીલ હતી, પરંતું તેમણે ઉતાવળ કરીને એક સાથે ત્રણેવ તલાક઼ો આપવી શરૂ કરી દીધી.

આ હદીષે પાકથી ખૂબ જ ઉઘાડી રીતે એ સાબિત થયું કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની બીજી રિવાયત જેનાથી ત્રણ તલાક઼ના એક હોવાની શંકા પેદા થઈ રહી હતી, **એનો સંબંધ ખાસ આ સ્થિતિથી છે, જ્યારે કે પતિએ પોતાની ગૈર મદખૂલાને ત્રણવાર ત્રણ તલાક઼ આપી હોય.** અને આ પ્રકરણમાં આપણો મઝહબ એ જ છે કે ગૈર મદખૂલાને આ રીતે તલાક઼ આપવામાં આવે તો કેવળ એક જ તલાક઼ પડશે. સાથોસાથ એ પણ જાણ થઈ ગઈ કે ફારૂક઼ી ખિલાફતમાં લોકોની આદત બદલાઈ ચૂકી હતી અને તેઓ ત્રણ વારમાં તલાક઼ આપવાને બદલે એક સાથે જ એકી વખતે ત્રણ તલાક઼ આપવા લાગ્યા હતા. એટલા માટે હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ તેને સહાબાએ કિ઼રામની મૌજૂદગીમાં ત્રણ તલાક઼ ઠરાવી. કેમ કે

હવે મસ્અલાની સ્થિતિ બદલાય ચૂકી હતી, અને એ જ આપણો મઝહબ છે. કેમ કે હઝરત ઉમર رضی اللہ عنہ નો એ ફૈંસલો ઈસ્લામી શરીઅતના તદ્દન મુતાબિક઼ હતો એટલા માટે સહાબાએ કિ઼રામે કોઈ પ્રકારના ઈન્કાર વિના એને સ્વીકારી લીધો, જે એમના **ઈજમાઅની દલીલ** છે.

સારાંશ કે કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલુલ્લાહ તથા ઈજમાએ ઉમ્મતથી એ સાબિત થઈ ગયું કે જો કોઈ મુસલમાન પોતાની મદખૂદા પત્નીને એક મજલિસમાં ત્રણ તલાક઼ આપી દે, ચાહે એક જ વખતમાં અથવા કેટલાય વખતમાં, તો ગમે તેમ પણ તેના પર ત્રણેવ તલાક઼ો લાગુ થઈ જશે. અને જો પોતાની ગૈર મદખૂલા પત્નીને એક મજલિસમાં એક સાથે ત્રણ તલાક઼ો આપે તો પણ ત્રણેવ તલાક઼ો પડી જશે. હા ! જો ગૈર મદખૂલાને એક મજલિસમાં અથવા વિવિધ મજલિસોમાં, કેટલીયે વારમાં, અથવા કેટલાયે વાક્યોમાં અલગ અલગ ત્રણ તલાક઼ો આપે તો કેવળ પ્રથમ તલાક઼ જ પડશે અને બાદની બે તલાક઼ો બેકાર જશે.

એ જ મઝહબ સર્વ હનફીઓ, માલિકીઓ, શાફઈઓ તથા હંબલીઓનો છે, અને એ જ મઝહબ સહાબાએ કિરામનો છે. એ જ હદીષોથી સાબિત છે. એની વિરૂધ્ધ જો કોઈ હાકિમ મુસ્લિમ કે ગૈર મુસ્લિમ ફૈંસલો આપે તો તે લાગુ થશે નહીં બલ્કે ન હોવા બરાબર તથા બાતિલ થશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ★ બીજા સવાલનો જવાબ ★

એક મજલિસમાં ત્રણ તલાક઼ો આપવી નાજાઈઝ છે, પરંતુ જો કોઈ ત્રણ તલાક઼ એક મજલિસમાં આપી દેશે તો ત્રણેવ તલાક઼ો

પડી જશે. જેમ કે હૈઝ (માસિક)ની હાલતમાં તલાક઼ આપવી નાજાઈઝ છે, પરંતુ તેમ છતાં હૈઝની હાલતમાં પણ તલાક઼ પડી જાય છે. પાછલા પૃષ્ઠોમાં જે હદીષો નક઼લ કરવામાં આવી છે એનામાંથી હદીષ નં. ૩,૪,૬,૭,૯ને એકવાર ફરી વાંચી લો, એનાથી ધોળા દિવસની જેમ જાહેર થઈ જાય છે કે એક બેઠકમાં ત્રણ તલાક઼ આપવી અથવા હૈઝની હાલતમાં તલાક઼ આપવી નાજાઈઝ છે, ગુનોહ છે પણ તલાક઼ તો લાગુ થઈ જશે. જાહેર છે કે પતિ તલાક઼નો માલિક છે તો તે પોતાના માલિકીપણામાં જે રીતે ઉપયોગ કરે તે જરૂર લાગુ પડશે. ઈસ્લામી શરીઅતમાં એના ઘણા બધાં દ્રષ્ટાંતો છે કે કામ તો ગુનાહનું છે છતાં તે લાગુ થઈ જાય છે. દા.ત. (અ) ઝેહાર (પત્નીને માં સમાન કહેવા)ને કુર્આન હકીમમાં મુન્કર અને બાતિલ બતાવવામાં આવેલ છે : **وَاِنَّهُمْ لَيَقُوْلُوْنَ مُنْكَرًا مِّنَ الْقَوْلِ وَ زُوْراً۔** ''બેશક ! તેઓ બુરી તથા એકદમ જૂઠી વાત બોલે છે. *(સૂ. મુજાદિલા, આયત–૨, પારા : ૨૮)*

તેમ છતાં ઝેહાર એકમતિએ લાગુ થાય છે.

(બ) ઈસ્લામ ધર્મથી મુર્તદ થવું (ફરી જવું) ઘણો જ મહાન ગુનોહ છે બલ્કે એ સૌથી મહાન જુર્મ છે, પરંતુ જો કોઈ શખ્સ ઈસ્લામથી ફરી જાય તો તે એકમતિએ કાફિર મુર્તદ થઈ જશે, એની પત્ની એના નિકાહથી નીકળી જશે.

(ક) પત્નીને તલાક઼ે રજઈ આપીને તકલીફ આપવાના ઈરાદાથી તેનાથી રજઅત કરવું ગુનોહ છે.

**وَلَا تُمْسِكُوْهُنَّ ضِرَارًا لِّتَعْتَدُوْا** ''અને પત્નીઓને તક઼લીફ આપવાના ઈરાદાથી ન રોકી લો કે હદથી આગળ વધી જાવ'' *(સૂ. બક઼રહ્, ૨/૨૩૧)*

છતાં પણ જો કોઈ પતિ એવી હરકત કરી બેસે તો રજઅત દુરૂસ્ત થશે.

આ દ્રષ્ટાંતો તથા સાક્ષીઓથી સાબિત થયું કે ફેઅલ (કાર્ય)નું ગુનોહ હોવું અલગ વાત છે અને તેનું લાગુ થવું અલગ વાત છે. જેથી **એક મજલિસમાં ત્રણ તલાક઼ો આપવી જો કે ગુનોહ છે છતાં પણ ત્રણ તલાક઼ો ચોક્કસ પડી જશે** અને કાર્યનું ગુનોહ હોવું તેના લાગુ થવા તથા માટે આડરૂપ થશે નહીં. વલ્લાહુ તલાઆ અઅ્લમ.

***લખનાર*** *: (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી* كتبه

*ખાદિમુલ ઈફ્તા દારુલ ઉલૂમ અશ્રફિયહ મિસ્બાહુલ ઉલૂમ, મુબારકપુર, જિ. આઝમગઢ,*

*(૧૪–રજબ, હિ.સ. ૧૪૧૪, ઈ.સ.૨૮/૧૨/૧૯૯૩ યૌમે ષલાષા)*

## એક બેઠકમાં ત્રણ તલાક઼ોનો શરઈ હુકમ

# કુર્આન હદીષની રોશનીમાં

**૧.** શું મુસ્લિમ પર્સનલ લો બોર્ડનું એક મજલિસમાં ત્રણ તલાક઼ને ખત્મ કરવું અથવા તેમાં ફેરફાર કરવો શરીઅતની રોશનીમાં સહીહ છે ?

**૨.** શું શરઈ બાબતો તથા મામલાઓના નિકાલ માટે તથા એના હલમાં આપ મુસ્લિમ પર્સનલ લો બોર્ડને પોતાની તથા પોતાના મસ્લકની પ્રતિનિધિત્વવાળી સંસ્થા માનો છો ?

**૩.** આપની રાયમાં ક઼ોમને ત્રણ તલાક઼થી દૂર રાખવા માટે શું કરવું જોઈએ ?

**૪.** ગૈર આલિમની શરીઅતની બાબતો સંબંધે લખિત કે મૌખિક દખલગીરીને આપ ઈસ્લામી શરીઅત માટે કેટલુ ફાયદાકારક તથા કેટલુ નુકસાનકર્તા સમજો છો ? કેમ કે તલાક઼ના મસ્અલા પર સામાન્ય લોકો પોતાની દિમાગી કક્ષાના હિસાબથી મંતવ્યો પેશ કરવામાં જોશો ખરોશનું પ્રદર્શન કરી રહ્યા છે. – પ્રશ્નકર્તા : ખુશ્તર નૂરાની અલીગ, *(ચીફ એડિટર, જો નૂર– દિલ્હી)*

**અલ્જવાબ** : એક બેઠકમાં ત્રણ તલાક઼ો ત્રણ છે. એ કુર્આને પાકની આયતોથી પણ સાબિત છે, અને સહીહ હદીષો તથા આષારે સહાબાથી પણ એના પર ઉમ્મતનો ઈજમાઅ છે. ખલીફતુલ મુસ્લિમીન હઝરત સૈયદના ઉમર ફારૂક઼ે આ'ઝમ

رضی اللہ عنہના જમાનામાં જ એના પર સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَનો ઈજમાઅ ક઼ાયમ થઈ ગયો હતો. યાદ રાખશો કે હક્ક઼ હવે ચાર મઝહબો હનફી, શાફઈ, માલિકી, હંબલીમાં સીમિત થયેલ છે. અને **ચારેવ મઝહબનો ત્રણ તલાક઼ લાગુ થવા સંબંધે ઈજમાઅ છે.**

(૧) કુર્આન શરીફ સૂરએ બક઼રહ, આયત, ૨૨૯માં છે :

الطَّلَاقُ مَرَّتٰنِ فَاِمْسَاكٌۢ بِمَعْرُوْفٍ أَوْتَسْرِيْحٌۢ بِاِحْسَانٍ

"તલાક઼ બે વાર છે, પછી ભલાઈની સાથે રોકી લેવું છે અથવા ભલાઈની સાથે છોડી આપવું."

આ જ વર્ણનના ક્રમમાં આયત નં. ૨૩૦માં છે :–

فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنْۢ بَعْدُ حَتّٰى تَنْكِحَ زَوْجًا غَيْرَهٗ

"પછી જો પતિએ ત્રીજી તલાક઼ આપી દીધી તો તે હલાલ થશે નહીં ત્યાં સુધી કે બીજા પતિ સાથે નિકાહ કરી લે."

આ આયતોમાં બે પ્રકારની તલાક઼નું વર્ણન છે : એક એ તલાક઼નું જેના પછી પતિને રજઅત (પાછી લેવાનો) અધિકાર બાકી નથી રહેતો. એનું વર્ણન તે પછીની આયતમાં છે. અને આ આયતો મુત્લક઼ (બિનશર્તી) છે, એમાં એક મજલિસની શરત કે પાબંદી નથી. જેનો ઉઘાડો અર્થ એ છે કે પતિ એક બેઠકમાં એ તલાક઼ો આપે અથવા કેટલીયે બેઠકોમાં, ગમે તેમ પણ ત્રણ તલાક઼ો લાગુ થઈ જશે. કુર્આન શરીફમાં આ પ્રકારની ઘણી બધી આયતો છે જે મુત્લક઼ (બિનશર્તી) છે અને ઉમ્મતે કદી એને એક મજલિસની ક઼ૈદથી સીમિત નથી કરી. દા.ત. રબ તઆલાનો ઈર્શાદ છે : اٰتوا الزکوٰۃ "ઝકાત આપો."

اِتَّقُوا الله صَلُّوا عليه وسَلِّمُوا تسليمًا '' રસૂલ પર સલાતો સલામ મોકલો.'' اتَّقُوا الله ''અલ્લાહથી ડરો !''

اِنْ كُنْتُمْ فِىْ رَيْبٍ مِّمَّانَزَّلْنَا عَلىٰ عَبْدِنَا فَأْتُوا بِسُوْرَةٍ مِّنْ مَّنْ مِّثْلِهٖ

''અમે અમારા બંદા પર કુર્આન નાઝિલ કર્યું, એમાં જો તમને શંકા છે તો એના જેવી સૂરત લાવો !'' اُدْعُوا رَبَّكُمْ تَضَرُّعاً وَّ خُفْيَةً ''પોતાના રબથી દુઆ કરો ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) સાથે અને ચૂપકેથી.'' لا تَأْكُلُوٓا اَمْوَا لَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ ''પોતાના માલો આપસમાં નાહક્ક઼ ન ખાવ.'' આ અને એના જેવી ઘણી બધી આયતોનો હુકમો તથા પ્રતિબંધો કોઈ એક મજલિસ સાથે ખાસ નથી, બલ્કે એક મજલિસમાં હોય અથવા વિવિધ મજલિસોમાં, ગમે તે રીતે અલ્લાહ વ રસૂલ رِضْوَانُ اللهِ تَعَالىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَનું ફર્માન જારી થશે. એને દરેક તે શખ્સ માને છે જેની પાસે કાંઈ પણ સદ્બુધ્ધિ હોય. એ જ સ્થિતિ શરૂમાં વર્ણવી તે આયતોની છે.

(૨) મશહૂર મુહદ્દિષ ઈમામ ઈબ્ને માજહએ સિહાહ સિત્તહની મહત્વની કિતાબ 'સુનને ઈબ્ને માજહ'માં આ હેડિંગ હેઠળ લખાણ કર્યું છે : بَابُ مَن طَلَّقَ ثَلٰثاً فِى مَجْلِسٍ وَاحِدٍا ''એક મજલિસમાં ત્રણ તલાક઼નુ બયાન'' પછી એની હેઠળ આ હદીષે રસૂલ નક઼લ કરી છે કે હઝરત આમિર શઅબી رضی اللہ عنہએ હઝરત ફ઼ાતિમા બિન્તે ક઼ૈસથી તેમની તલાક઼ના પ્રસંગ વિશે પૂછયું તો તેમણે ફ઼ર્માવ્યું :–

طَلَّقَنِىْ زَوْجِى ثَلٰثاً وَهُو خارجٌ الى اليمن فاجاز ذٰلك
رسوُ الله صلى الله عليه وسلم

"મને મારા પતિએ ઘરેથી યમન જતી વેળા ત્રણ તલાક઼ આપી દીધી, તો રસૂલુલ્લાહ ﷺએ ત્રણેવ તલાક઼ો લાગુ કરી આપી."

સહીહ મુસ્લિમ શરીફ પેજ ૪૮૪/૪૮૫ ભાગ–૧માં આ હદીષની વિવિધ રિવાયતો ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ એકત્ર કરી છે અને સૌનો સાર એ જ છે કે ફ઼ાતિમા બિન્તે ક઼ૈસના પતિ અબૂ અમ્ર બિન હફ઼સ બિન મુગીરાએ યમનના માટે ઘરેથી નીકળતી વખતે ત્રણ તલાક઼ો આપી દીધી, તો રસૂલુલ્લાહ ﷺએ ત્રણે તલાક઼ો લાગુ કરી આપી.

આ હદીષોના શબ્દો એકવાર ફરીથી ધ્યાનપૂર્વક વાંચી લો કે હઝરત અબૂ અમ્ર બિન હફ઼સ رضی اللہ عنہએ **યમનના માટે ઘરેથી નીકળતી વખતે ત્રણ તલાક઼ો તેમણે ત્રણ બેઠકોમાં નથી આપી બલ્કે એક જ બેઠકમાં આપી હતી, જેને હુઝૂર ﷺની અદાલતે આલિયાથી લાગુ કરી દેવામાં આવી.** આ પ્રકારની વિવિધ હદીષો તથા આષારે સહાબા ફ઼ત્હુલ ક઼દીર, પેજ ૩૨૯,૩૩૦,૩૩૧ ભાગ–૩ તેમજ અન્ય વિશ્વસનીય કિતાબોમાં છે.

(૩) **એક બેઠકમાં ત્રણ તલાક઼ોના ત્રણ હોવા પર સહાબાએ કિ઼રામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینનો "ઈજમાઅ" છે,** સવાદે આ'ઝમે ઉમ્મતનો એ જ મઝહબ છે. ફ઼ત્હુલ ક઼દીરમાં છે : **فاجماعهم ظاهر** "એના પર સહાબાનો ઈજમાઅ જાહેર છે." *(ભાગ–૩, પેજ–૩૩૩)*

ઈમામ અબૂબક્ર જસાસ રાઝી પોતાની મશહૂર તફસીર 'એહકામુલ કુર્આન'માં લખે છે :–

**فالكتاب والسنة واجماع السلف توجب ايقاع الثلث معا وان كانت معصيه**

**"કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલુલ્લાહ, સલફના ઈજમાઅથી સાબિત થાય છે કે એક સાથે ત્રણ તલાક઼ો અનિવાર્યપણે ત્રણ લાગુ થાય છે, ભલે એ ગુનોહ છે".** *(પેજ–૩૩૮)*

સાવી શરીફમાં ભાગ–૧, પેજ–૧૦૭માં છે : **هذا هو المجمع عليه** "એટલે કે એના પર ઈજમાઅ છે. "

મુક઼દ્દમાતે ઈબ્ને રુશદમાં છે :–

**وهو مذهب جميع الفقهاء وعامة العلماء ولا يشذ فى ذلك عنهم الا من لا يعتد بخلافه منهم۔۔اه**

"તમામ ફક઼ીહો તથા ઉલમાનો મઝહબ એ જ છે કે અને એમનાથી એ જ શખ્સ અલગ છે જેની કોઈ હૈસિયત નથી" *(પેજ–૭૭, ભાગ–૪૨, અલ્મદૂના)*

કિતાબ તથા સુન્નત અને ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ બે રિવાયતોથી એવું જાહેર થાય છે કે એક બેઠકમાં ત્રણ તલાક઼ો ત્રણ ન થશે, પણ એમાંથી એક રિવાયત ઝઈફ તથા મુન્કર છે એટલા માટે દલીલને પાત્ર નથી અને કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહની વિરૂધ્ધ હોવાથી મતરૂક છે.

**બીજી હદીષ :** હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે જ્યારે ખૂદ આપે ઘણા ફત્વા એનાથી વિરૂધ્ધ જાહેર કર્યા, વળી તે હદીષ એવી પત્નીના બારામાં છે **જે પોતાના પતિની સાથે કોઈ સ્થળમાં કદી ભેગી નથી થઈ, જેને ફિક઼હની બોલીમાં "ગેર મદખૂલા" કહે છે.**

**અને એવી પત્નીને જો કોઈ શખ્સ ત્રણ વાક્યોમાં વારાફરતી તલાક઼ આપે તો તે એક જ પડે છે, કેમ કે એક તલાક઼ના કારણે તેણી નિકાહથી નીકળી જાય છે, પછી તલાક઼ નો અવકાશ જ નથી રહેતો ! એટલા માટે બાદની બે તલાક઼ો બેકાર તથા નિરર્થક થઈ જાય છે.** ગૈર મુકલ્લિદોને એનાથી ગલતફહમી થઈ ગઈ અને એનાથી એ ઈજતેહાદ કરી લીધો કે તે હુકમ મદખૂલા તથા ગૈર મદખૂલા સૌના માટે.

## ★ સવાલોના મુદ્દાસર જવાબો ★

(૧) એ શરીઅતની રોશનીમાં સહીહ નથી, બલ્કે ગલત તથા બાતિલ છે. કેમ કે કુર્આન મુક઼દ્દસ, નબવી હદીષો તથા સહાબા તેમજ ચારેવ ઈમામોના તેમજ ઉમ્મતના સવાદે આ'ઝમના ઈજમાઅ (એકમતિ)ની વિરૂધ્ધ અને તેમનાથી ઉઘાડી બગાવત છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

(૨) કદાપિ નહીં ! આજે એ લોકો ગૈર મુકલ્લિદોના પ્રેશરમાં આવીને ત્રણ તલાક઼ોને એક ઠરાવી દેવા ચાહે છે, કાલે ઈમામિયાના દબાવમાં આવીને ડાયરેક્ટ જ એવું એલાન કરી શકે છે કે એક પણ તલાક઼ લાગુ થશે નહીં ! તેઓ મઝહબથી આઝાદ થઈને કોઈ પણ રંગમાં રંગી શકે છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

(૩) લોકો જાત જાતના ગુનાહો કરતા રહે છે, દા.ત. નમાઝ નથી પઢતા, રોઝા નથી રાખતા, ઝકાત નથી આપતા, જૂઠુ બોલે છે, ચુગલી ખાય છે, દાઢી મૂંડાવે છે અને ધોકો આપે છે. આ અને આ પ્રકારના ગુનાહોથી દૂર રાખવા માટે પૂરી મિલ્લત જે

કાંઈ કરી રહી છે તે સર્વને માલૂમ છે. તેવું જ અહીં પણ કરવું જોઈએ. હા ! એ તદબીર જરૂર અપનાવવી ન જોઈએ કે એક મજલિસના  એક બેઠકના કેટલાયે ગુનાહોને એક જ ગુનોહ માની લેવો, અથવા ડાયરેક્ટ ગુનોહ જ ન માનીએ, અને એ સુભ્રમમાં સપડાયેલા રહીએ કે આ રીતે લોકો ગુનાહથી મેહફૂઝ થઈ જશે, જેમ કે એક બેઠકમાં ત્રણ તલાક઼ના મસ્અલામાં ગૈર મુક઼લ્લિદો તથા ઈમામિયા એ એ જ રાવિશ અપનાવી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

(૪) એને અમો એટલા જ નુકસાનકારક સમજીએ જેટલા ''બનાવટી'' ડોકટરોના મેજર ઓપરેશનને આખુ જગત સમજે છે, બલ્કે ઘણી બાબતોમાં એનાથી પણ વધુ. અલ્લાહ બેહતર જાણનાર છે.

*લખનાર : (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી,*
*ખાદિમુલ ઈફ્તા દારુલ ઉલૂમ અશ્રફિયહ–મુબારકપુર*

## ★ સઊદઆલમ–સીતામઢી, બિહારનો પ્રશ્ન ★

(૧) તલાક઼ આપવાનો સુન્નત મુજબનો (મસ્નૂન) તરીક઼ો શું છે ?

(૨) અખંડ ભારતમાં તલાક઼ પામેલી સ્ત્રીના હલાલાનો જે તરીક઼ો પ્રચલિત છે એટલે ઝયદે પોતાની પત્નીને તલાક઼ે મુગલ્લઝા આપી અને ઈદ્દત પસાર થયા પછી ખાલિદને કહ્યું કે તમે આ સ્ત્રી સાથે નિકાહ કરી લો પછી ત્રણ દિવસ પછી તલાક઼ આપી દેજો, ઈદ્દત પસાર થયા પછી હું તેણી સાથે નિકાહ કરી (લઈશ). શું આવું જાઈઝ છે ? જ્યારે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, لعن الله المحلِّل والمحلَّل له બીજી જગાએ

હલાલો કરનારના વિશે ફર્માવ્યું : **انه تیس مستعار**

(૩) શું આ રીતનો હલાલો ઝિના ન થયો ? જો થયો તો હલાલો કરનાર અને કરાવનાર તેમજ નિકાહ પઢાવનાર ક઼ાઝી પર ઝિનાની હદ (શિક્ષા) લાગવી જોઈએ કે નહીં ?

**અલ્જવાબ** : તલાક઼ના બે મસ્નૂન તરીકા છે : એક તો એ કે પતિ પોતાની પત્નીને એક તલાક઼ એવા પાકીના સમયમાં આપે જેમાં એની સાથે સંભોગ ન કર્યો હોય, પછી તેણીને છોડી આપે ત્યાં સુધી કે તેની ઈદ્દત પૂરી થઈ જાય. આ ''તલાકે઼ અહસન'' કહેવાય છે.

બીજો તરીક઼ો એ છે કે પોતાની પત્નીને ત્રણ એવા પાકીના સમયોમાં જેમાં તેણી સાથે સંભોગ ન કર્યો હોય, એ રીતે તલાક઼ આપે કે દરેક પાકીના સમયમાં એક તલાક઼ લાગુ થાય એને ''તલાકે઼ હસન'' કહે છે. ફ઼તાવા હિંદિયામાં છે :–

**اماا طلاق السُّنی فی العدد والوقت فنوعان حسن واحسن فلا لاحسنُ ان یطلق امرأته واحدة فی طهر لم یجا معها فیه ثم یترکها حتٰی تنقضی عدتهااو کانت حاملا قداستبان حملها والحسنُ ان یطلقها واحدة فی طهر لم یجامعها فیه ثم فی طهر اخر اخرىٰ، ثم فی طهر اخر اخرىٰ کذا فی محیط السرخسی۔۔۔اه۔**

*(કિતાબુત્તલાક઼ ૧/૩૪૮)* અલ્લાહ બેહતર જાણનાર છે.

(૨) ગૈર મુક઼લ્લિદ હદીષ પઢે છે, સમજતા નથી ! જો હદીષ **لَعَنَ اللّٰهُ الْمُحِلِّلَ الخ** એટલા પ્રમાણમાં આમ છે તો હલાલો

મુદ્દલે હરામ હોવા જોઈતો હતો, જ્યારે કે કુર્આન તથા હદીષથી એની ઈજાઝત સાબિત છે.

કુર્આન શરીફમાં છે :–

**فَاِنۡ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ، مَنۢ بَعۡدُ حَتّٰى تَنۡكِحَ زَوۡجاً غَيۡرَه**

''પછી જો પતિએ પત્નીને ત્રીજી તલાક઼ આપી દીધી તો હવે તે સ્ત્રી એના માટે હલાલ થશે નહીં, જ્યાં સુધી બીજા પતિની પાસે ન રહે. હદીષમાં છે :–

ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે કે હઝરત રિફાઆ કરઝીએ એક સ્ત્રી સાથે (જેનું નામ તમૈમા હતું) નિકાહ કર્યો, પછી તેણીને તલાક઼ આપી દીધી. તો તેણે એક અન્ય સહાબી (હઝરત અબ્દુર્રહમાન બિન ઝુબૈર رضی اللہ عنہ) સાથે નિકાહ કરી લીધા. પછી તે સ્ત્રી નબી કરીમ صلی اللہ علیہ وسلمની બારગાહમાં હાજર થઈ અને અર્ઝ કરી કે તેના પતિ તેની પાસે નથી આવતા, તે સંભોગથી લાચાર છે. તો હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ પૂછયું, શું તમે ફરી રિફાઆના નિકાહમાં આવવા ચાહો છો ? તેણીએ અર્ઝ કરી, હા ! *(નૂરુલ અન્વાર, પેજ–૨૪)*તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : **لا حَتّٰى تَذُوۡقِى عُسَيۡلَتَه، وَيَذُوۡقُ عُسَيۡلَتَكِ** એવું હલાલ નથી જ્યાં સુધી કે તમે એ (અબ્દુર્રહમાન)થી સંભોગની લિજ્જત ન હાંસલ કરી લો, અને તે તમારાથી *(સહીહ બુખારી શરીફ પેજ–૮૦૧, ભાગ–૧,* **بابّ اِذَا طلّقها ثَلٰثاً ثُمَّ تزوَّجت بعد العدة زَوۡجاً غَيۡره**)

હવે જરૂરી છે કે બંને હદીષોમાં વર્ણીકરણ કરવામાં આવે. એટલા માટે અઈમ્માએ કિરામ (ઈમામો) એ ફર્માવ્યું કે હદીષ શરીફમાં લઅનત એ સ્થિતિ પર આધારિત છે જ્યારે કોઈ

મજૂરી (વળતર) લઈને હલાલો કરે અથવા હલાલાની શરત નિકાહ કરવામાં લગાડે, દા.ત. કહે કે تَزَوَّجْتُكِ عَلٰى اَنْ اُحَلِّلَكِ "હું તારી સાથે હલાલાની શર્ત પર નિકાહ કરું છું" પરંતુ ન જો મજૂરીની વાત હોય અને ન તો આવી શર્ત હોય તો જાઈઝ છે. જેવું પ્રથમ હદીષથી સાબિત છે.

દુર્રે મુખ્તારમાં છે :–

(وکره) التزوج للثانی (تحریما) لحدیث "لُعِنَ المُحَلِّمُ للأول) لصحة النکاح و بطلان الشرط فلا یجبر علیٰ الطلاق کما هقّقه، الکمال خلافا لما زعمه البزی...اه

(પેજ–૪૭, ભાગ–૫) અને અમુક લીટીઓ આગળ છે :–

(اما اضمر ذٰلِكَ لا) کیره (وکان) لرجل (ماجورا القصد الا صِلاح و تویلُ اللعن اذا شرط الاجزا)...اه

*(પેજ–૪૮, ભાગ–૫)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

***લખનાર*** : *(મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન* کتبهٗ

*ખાદિમુલ ઈફ્તા દારુલ ઉલૂમ અશ્રફિયહ મિસ્બાહુલ ઉલૂમ,*
*મુબારકપુર, જિ. આઝમગઢ,*

## બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા ﷺ ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા ﷺ ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે **"બરકાતે ખ્વાજા"** માસિક આપની સેવામાં હાજર છે.

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

### ★ લવાજમ ★

| | | | |
|---|---|---|---|
| ★વાર્ષિક લવાજમ | રૂા. ૧૮૦ | ★ વિદેશ માટે | £ 15 |
| ★આજીવન | રૂા. ૪૦૦૦ | ★ પેટ્રન ફી | રૂા. ૨૦૦૦ |
| ★વિદેશ માટે આજીવન | £ 250 | ★ વિદેશ માટે પેટ્રન | £ 150 |

### ★ સંપર્ક સરનામુ ★

**બરકાતે ખ્વાજા (માસિક)**, C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન,
ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧